ગાંધીનગર સમાચાર

સે-૭ સરકારી શાળાના નવનિર્મિત બિલ્ડીંગનું લોકાપર્ણ ટલ્લે ચઢ્યું

# ઢોરવાડાનું કામ ઝડપી પૂર્ણ કરવા કમિશ્નરને સત્તા

## સ્થાયી સમિતિની આજે મળેલ બેઠકમાં આર્કિટેકની એક પેનલ તૈયાર કરાઈ : બગીચાઓમાં કમ્પાઉન્ડ વોલ તેમજ નવા શૌચાલયોના બાંધકામના ટેન્ડરને પણ મંજૂર કરવામાં આવ્યું

ગાંધીનગર, તા. ૮

ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા રખડતા પશુઓની સમસ્યા માટે હવે ઢોરવાડો બનાવાવની કામગીરી ઝડપથી પૂરી કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. આ માટેનું ટેન્ડર મંજૂર કરવાની સત્તા પણ મ્યુનિ. કમિશ્નરશ્રીને સોંપવામાં આવી છે.

આજે ગાંધીનગર મહાનગર પાલિકાની સ્થાયી સમિતિની મળેલ બેઠકમાં રખડતા પશુઓની સમસ્યા સતત બીજી મીટીંગમાં પણ ચમકી હતી. આ અંગે તંત્ર દ્વારા કરવામાં આવી રહેલી કામગીરીની વિગતો પણ આજની બેઠકમાં અધિકારીઓએ રજુ કરી સભ્યોના મન જીતવાનો પ્રયાસ કર્યો હતો.

સ્થાયી સમિતિમાં ઢોરવાડો બનાવવા અંગે જારી કરાયેલ ટેન્ડરનો આજે અંતિમ દિવસ હોવાની વાત પણ કરાઈ હતી. આ પછી સ્થાયી સમિતિએ આ ટેન્ડર એસ-૧ આવતી એજન્સીને આપી અને મંજૂર કરવાની સત્તા મ્યુનિ. કમિશ્નરને આપવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

મળતી વિગતો પ્રમાણે એક સાથે ૧૦૦ જેટલા પશુઓને અહિ રાખી શકાશે. આ માટે રૂ. ૫૪ લાખનો ખર્ચ થવાનો અંદાજ છે. આધુનિક શેડની સુવિધા સાથે આ ઢોરવાડો તૈયાર કરવામાં આવશે.

આજની આ બેઠકમાં શહેરના બગીચાઓની કમ્પાઉન્ડ વોલ માટે પણ જે ટેન્ડર કરવામાં આવ્યું હતુ તેને બહાલી આપવામાં આવી છે. મનપાને ૯ જેટલા બગીચાઓની ફાળવણી કરવામાં આવેલી છે. આ માટે મનપાએ એક કરોડથી પણ વધુ રકમનું ટેન્ડર મંજૂર કર્યુ છે.

આજની આ બેઠકમાં ૨૫ જેટલા જુના જાહેર શૌચાલયોનું

● અનુસંધાન પાન-૭ પર



શહેરમાં છેલ્લા બે મહીનાથી રખડતા ઢોરની જટીલ સમસ્યા જોખમી અને જાનલેવા બની છે. ત્યારે કોર્પોરેશનનુ તંત્ર પણ રખડતા ઢોરની જેમ રામભરોસે હોય તેવો અહેસાસ નગરજનોને થઈ રહયો છે. માર્ગ વચાળે નજર નાંખો ત્યાં રખડતા ઢોરનો અડ્ડો જોવા મળી રહયો છે. પાટનગર પાંજરાપોળ બન્યુ હોવાનો અહેસાસ નગરજનો કરી રહયા છે. રખડતા ઢોરના લીધે પૈડા પરની જિન્દગી જોખમાઈ છે. પરંતુ હવે આ સમસ્યા માત્ર નગરના માર્ગો સુધી જ સિમિત રહી નથી. રખડતા ઢોર એ ટી એમ થી માંડી ગમે ત્યારે આમ નાગરિકોના ઘર અને દુકાનોમાં પણ અડ્ડો જમાવી બેસતા હોવાનુ ચિત્ર સ્પષ્ટ થયુ છે. સે- ૨૧ સ્થિત એક દુકાનમાં ગુરુવારે રખડતો આખલો બીજા મજલા સુધી પહોંચી ગયો હતો. માર્ગ વચાળે વારંવાર આડશ બનતા આખલાને દુકાનના દ્વારે ભાંભરતા જોઈને સ્થાનિક વેપારીઓ પણ ઐસા ભી હોતા હૈ...ના અભિગમ સાથે વિચારમાં પડી ગયા હતા. શહેરમાં હાલ અત્ર ,તત્ર,સર્વત્ર રખડતા ઢોરનુ સામ્રાજય છવાયુ છે. રખડતા ઢોરના લીધે દિનપ્રિતદિન અકસ્માતો સર્જાય છે. શોપિંગ અને શાકમાર્કેટમાં નાગરિકો શિંગડે ચઢે છે. રાહદારીઓ ઘવાય છે. ગંદકીનો પ્રશ્ન પણ હઠીલો બન્યો છે. આ સમસ્યાથી પીડાતા નાગરિકો પણ બેહાલ છે. આમ નાગરિકોની સલામતી અને શહેરની સ્વચ્છતાનો મુદ્દો સાવ કોરાણે મુકાઈ ગયો છે. ઐસા ભી હોતા હૈ...

# વિપક્ષના સભ્યોએ કરેલા મોટા ભાગના વિકાસ કામોના સુચનો સ્થાયી સમિતિએ સ્વીકાર્યા

ગાંધીનગર, તા. ૮

ગાંધીનગર શહેરમાં સર્વગ્રાહી વિકાસના અભિગમનો સંકેત આપતાં આજે મનપાની સ્થાયી સમિતિએ વિસ્તાર વિકાસની ગ્રાન્ટના ઉપયોગ અંગે વિપક્ષ તરફથી રજુ થયેલા મોટાભાગના સૂચનોને સ્વીકૃતિ આપી છે.

આજે મનપાની સ્થાયી સમિતિએ સભ્યો પાસેથી માંગેલા સૂચનો પૈકી કોંગ્રેસ પક્ષ તરફથી રજુ થયેલા ૧૨ થી વધુ સૂચનો હતા તે પૈકીના મોટાભાગના સૂચનોનો સ્વીકાર કરવામાં આવ્યો હતો.

ભાજપના કાઉન્સીલરો તરફથી ઓછા સૂચનો મળ્યા હતા કારણ કે અગાઉ આ સભ્યો સૂચનો આપી ચુક્યા હતા.

મનપાના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે વિકાસ કામોમાં વિવાદ હોઈ શકે નહિ સર્વસમાવેશક વિકાસ હોવો જોઈએ એટલે વિપક્ષના મોટાભાગના સૂચનોને આજે સ્થાયી સમિતિએ સ્વીકૃતિ આપી છે.

વિપક્ષ દ્વારા જે સૂચનો કરવામાં આવ્યા હતા તેમાં મનપા દ્વારા નક્કી થયેલ ભાવ મુજબ સેક્ટરની અંદરના રસ્તા, કોમન પ્લોટ અને ગ્રામ્ય વિસ્તારના આંતરિક માર્ગો અને જાહેર વોકમાં સાફ-સફાઈ કરાવવા માટે સભ્યને ૧ લાખ રૂ. સુધીનો ખર્ચ કરી શકશે તે જોગવાઈનો સમાવેશ થયો છે.

આ ઉપરાંત ગ્રામ્ય વિસ્તારમાં આવેલી પ્રા. શાળાની આગળની ખુલ્લી જગ્યા પડેલ હોય તેનુ તાર-ફેન્સીંગ કરવાની મંજૂરી આપવી, ધાર્મિક સ્થળોએ નવા પંખા નાખવા, વિદ્યાર્થીઓ માટે બેન્ચોની ફાળવણી, પીવીસીની પાણીની ટાંકી મુકવાની વ્યવસ્થા ધાર્મિક સ્થાનો પર કરવાની જોગવાઈ ઉપરાંત ગ્રામ્ય વિસ્તારમાં શેરી-મહોત્સવના નામ દર્શાવવા બોર્ડ લગાવવા, જૂની સોલાર લાઈટોને મરામત કરી પુનઃ ચાલુ કરવા માટે ખર્ચ કરવાની જોગવાઈ સહિતની બાબતોનો સમાવેશ થાય છે.

સ્થાયી સમિતિના ચેરમેન મનુભાઈ પટેલે જણાવ્યું હતું કે અમે નગરના વિકાસમાં સૌને સાથે લઈને આગળ વધવા માંગીએ છીએ તે વાત સ્પષ્ટ છે. સૌનો સાથ સૌનો વિકાસ એ અમારો મંત્ર છે.

# ગુજરાતના યુવાને બ્લડ સ્ટેમ્પ સેલનુ દાન આપી કેન્સરગ્રસ્ત દર્દીનો જીવ બચાવ્યો

## દર્દી અને દાતા લોહીના સંબંધે ભાઈ બન્યા

ગાંધીનગર, તા. ૮

બ્લડ કેન્સરના જીવલેણ રોગ સામે લડતા કેરળના શિવરામકૃષ્ણનને ગુજરાતના પ્રવિણભાઈ પટેલે નવજીવન બક્ષ્યુ છે. દાત્રી સંખ્યાના માધ્યમથી તેમને દર્દીને બ્લડ સ્ટેમ્પ સેબનુ દાન આપતા આ દર્દી અને દાતા લોહીના સંબંધે ભાઈઓ બન્યા છે.

જાન્યુઆરી ૨૦૧૪માં શિવરામકૃષ્ણને પિત્તાશય કઢાવવાનું ઓપરેશન કરાવવા માટે થઈને લોહીના કેટલાક રિપોર્ટ કરાવ્યા, પણ જ્યારે ડૉક્ટરોએ જાહેર કર્યું કે શિવરામકૃષ્ણનને માઈલોડીસપ્લાસ્ટિક સિન્ડ્રોમ, આરએબી ૨-એએમએલ, એક પ્રકારનું લોહીનું કેન્સર છે ત્યારે કેટલીક પ્રાથમિક તપાસ અને આ જ રોગ છે એની ખાતરી કર્યા પછી ડૉક્ટરોએ એમને કેમોથેરપી અને બોન મેરો ટ્રાન્સપ્લાન્ટની સલાહ આપી.

કુટુંબમાંથી અનુરૂપ દાતા ન મળવાથી એમણે દાત્રી બ્લડ સ્ટેમ્પ સેલ દાતાઓની રજિસ્ટ્રીનો સંપર્ક કર્યો. ૨૦૧૨માં નિરમામાં યોજાયેલી એક ઝુંબેશ દરમ્યાન પ્રવિણ પટેલ દાતા તરીકે જોડાયા હતા. ૨૦૧૪માં જ્યારે દાત્રી ઓફિસમાંથી એમને ફોન કરીને જણાવવામાં આવ્યું કે તેઓ એક દર્દી માટે અનુરૂપ દાતા છે ત્યારે તેઓ મુંઝવણમાં મુકાયા હતા. જો કે એમના કુટુંબનો શરૂઆતથી પુરેપુરો ટેકો હતો છતાં દાન પછી થનારી અસરો (જો કોઈ હોય તો) વિશે અજ્ઞાન અને પુરતી માહિતીના અભાવને કારણે એમને થોડી શંકા હતી. પોતાના સમુદાયના ડૉક્ટર અને નિષ્ણાંતોની સલાહ પછી જેને કોઈ દિવસ મળ્યા કે ઓળખ્યા નથી એવા માણસને પોતાના બ્લડ સ્ટેમ્પ સેલ દાન કરવાની તેમની ઈચ્છા તીવ્ર બની. એમના દાનથી એક પિતાની જિંદગી બચી ગઈ. જુલાઈ ૧, ૨૦૧૪ના દિવસે એમના બ્લડ સ્ટેમ્પ સેલ, શિવરામકૃષ્ણનને દાન કરવામાં આવ્યા હતા.

દાતા પ્રવિણ પટેલના મતે એક વખત મને ખાતરી થઈ ગઈ પછી મેં ભગવાન દ્વારા આપેલી જિંદગી બચાવવાની તક ઝડપી લીધી. જેમ આપણે ખાસ

● અનુસંધાન પાન-૭ પર

# વનતંત્ર દ્વારા મંજુરી ન અપાતા ગોડાઉન બનાવવાનુ કામ અટવાયુ

## મહાત્મા મંદિરના નિર્માણ વેળાએ નિગમના ગોડાઉનો તોડી નાંખવામાં આવ્યા હતા

ગાંધીનગર તા ૮

મહાત્મા મંદિર અસ્તિત્વમાં આવતા આ વિસ્તારમાં સ્થિત બીજ નિગમ અને પુરવઠા વિભાગના ગોડાઉનો તોડી નાંખવામાં આવ્યા હતા. જયારે આ ગોડાઉન બનાવવા માટે સરકાર દ્વારા ચેરીડ વિસ્તારમાં જગ્યા ફાળવવામાં આવી છે. પરંતુ છેલ્લા ૬ મહીનાથી આ કામ વન વિભાગના વાંકે અટવાયુ હોવાનો સુર ઉઠવા પામ્યો છે. વનતંત્ર દ્વારા વૃક્ષોની કટોતીના મામલે દરખાસ્તને મંજુરી ન અપાતા કામ અટવાયુ છે.

શહેરમાં મહાત્મા મંદિરના ડ્રીમ પ્રોજેકટની કામગીરી દરમિયાન રૂટમાં આવતા અવરોધો દુર કરવામાં આવ્યા હતા. આ દરમિયાન બીજ નિગમના ગોડાઉનો પણ નડતરરૂપ હોવાથી તોડી નાંખવામાં આવ્યા હતા. જયારે નિગમના ગોડાઉનો અન્ય ઠેકાણે બનાવાનો નિર્ણય પણ લેવાયો હતો. જે અન્વયે સમયના અંતે ગોડાઉનો બનાવવા માટે સરકાર દ્વારા ચરેડી વિસ્તારમાં જગ્યા ફાળવવામાં આવી હતી. જેના અંતે તંત્ર દ્વારા આ ઠેકાણે ગોડાઉન નિર્માણ

● અનુસંધાન પાન-૭ પર

# સ્થાનિક નેતાઓની અવગણનાને પગલે રિસોર્ટમાં કોંગી નેતાઓને રોકવા રોડ ખોદી કઢાયો

ગાંધીનગર, તા. ૮

અલુવા નજીકના ખાનગી રિસોર્ટમાં આજથી શરૂ થયેલ દ્વિદિવસીય કાર્યશાળામાં સ્થાનિક નેતાઓની અવગણના કરતાં રોષે ભરાયેલા ગ્રામજનોએ રિસોર્ટ તરફ જતા રસ્તાને ખોદી કાઢ્યો હતો.

જો કે આ બાબતની જાણ થતાં જ કોંગ્રેસના નેતાઓ ઘટના સ્થળે પહોંચી ગયા હતા અને બહારથી જેસીબી અને અન્ય સંશોધનોની મદદથી કરાયેલા ખાડાઓ પુરી કાર્યક્રમ નિયત સમયે શરૂ કરવામાં સફળતા મેળવી હતી. જો કે આ ઘટના અને લોકોના રોષની ગંભીર નોંધ પ્રદેશ નેતાગીરીને લેવાની ફરજ પડી હોવાનું જાણવા મળેલ છે.

આજથી શરૂ થયેલ આ બે દિવસની કાર્યશાળામાં દિલ્હીથી મણિશંકર ઐય્યર અને ગુરૂદાસ કામત, વિપક્ષના નેતા શંકરસિંહ વાઘેલા, પ્રદેશ પ્રમુખ ભરતસિંહ સોલંકી સહિતના આગેવાનો આવી પહોંચ્યા હતા.

સાદા છતાં દબદબાભર્યા ઉદ્‌ઘાટન સમારોહ બાદ કાર્યશાળા શરૂ થઈ હતી અને ખૂબ જ નિખાલસ ચર્ચાઓ તેમાં થઈ હતી. આ બે દિવસની કાર્યશાળાનું આજે સમાપન થશે ત્યારે પણ પ્રદેશ નેતાઓ અને દિલ્હીના નેતાઓ હાજર રહેશે.

# સે-૭ સરકારી શાળાના નવનિર્મિત બિલ્ડીંગનું લોકાપર્ણ ટલ્લે ચઢ્યું

ગાંધીનગર તા ૮

સે-૭ માં કરાડોના ખર્ચે નિર્માણ કરાયેલા શાળાના અધ્યતન બિલ્ડીગની લોકાર્પણ વિધિનો કાર્યક્રમ ગોથે ચઢ્યો છે. શાળાના નવ નિર્મિત બિલ્ડીંગના નિર્માણનુ કામ છેલ્લા એક મહીનાથી પુર્ણ થઈ ગયુ છે. જયારે હાલ ઈલેક્ટ્રીફિકેશનની કામગીરી ચાલી રહી છે. પરંતુ માર્ગ મકાન વિભાગ તેમજ શિક્ષણતંત્રના સંકલનના અભાવે નવીન બિલ્ડીંગની તારીખ હજુ પણ નક્કી થઈ શકી નથી.

શહેરના સેકટર -૭ માં સરકારી શાળાના કોર્પોરેટ બિલ્ડીંગનુ નિર્માણ કરવામાં આવ્યુ છે. શાળાના નિર્માણ પાછળ કરોડો રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો છે. શાળામાં અધ્યતન કલાસ રૂમની સાથે ફર્નિચરનુ કામ પણ પુર્ણ કરી દેવાયુ છે. જયારે નવ નિર્મિત બિલ્ડીંગ લાંબા સમયથી તૈયાર થઈ ગયુ છે. જો કે હજુ પણ આ બિલ્ડીંગના ઈલેકટ્રીફિકેશનની કામગીરી અપુર્ણ છે. આ કામ હાલ ચાલી રહયુ છે. ત્યારે નવીન બિલ્ડીંગના ઉદઘાટનનો મુદ્દો વિભાગ વચ્ચે આંતરિક વિવાદનુ કારણ બન્યો હોવાનુ સ્પષ્ટ થયુ છે. જિલ્લા શિક્ષણતંત્ર દ્વારા ઈલેક્ટ્રીકની કામગીરી પુર્ણ થયા બાદ આ મામલે વિચારણા હાથ ધરવાનો અભિગમ અપનાવાયો છે. જયારે માર્ગ મકાન વિભાગના સુત્રોના જણાંવ્યા મુજબ ઈલેકટ્રીકનુ કામ પુર્ણતાના આરે હોવાથી હાલના તબકકે લોકાર્પણ સમારોહ યોજવાનુ યોગ્ય હોવાનુ પણ જણાંવાયુ છે. છેલ્લા એક મહીનાથી શાળાનુ બિલ્ડીંગ તૈયાર થઈ ગયા બાદ પણ વિધિવત લોકાપર્ણ કરવા કોઈ આયોજન કરાયુ નથી.



















Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com